1. બુદ્ધિ અંગેના સામાન્ય સંભવિતતાના આલેખન (Normal Probability curve)ની સમજૂતી આપો ?

- બુદ્ધિ એ શિક્ષણ અને સમજણ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની સમસ્યાઓનો ઉકેલ મેળવવાની અને અમૂર્ત રીતે તાર્કિક વિચારણા કરવાની ક્ષમતા છે.
- બુદ્ધિના પ્રમાણની બાબતમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે.
- મનોવૈજ્ઞાનિક ટર્મને સૌપ્રથમ વાર બુદ્ધિલબ્ધિના આધારે વર્ગીકરણ કર્યું હતું.
- જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિના વર્ગીકરણના આલેખને ‘સામાન્ય સંભવિતતા આલેખ’ કહે છે.
- આ આલેખ મુજબ સમાજની મોટા ભાગની વ્યક્તિઓ (આશરે50 ટકા) સામાન્ય બુદ્ધિક્ષમતા ધરાવતી હોય છે.
- આ આલેખ મુજબ સામાન્યથી ઓછા કે વધુ પ્રમાણમાં બુદ્ધિક્ષમતા ધરાવતી વ્યક્તિઓનું પ્રમાણ ઓછું હોય છે.
- આ આલેખ મુજબ મનોદુર્બળ અને તેજસ્વી બુદ્ધિક્ષમતા ધરાવતી વ્યક્તિઓનું પ્રમાણ સમાજમાં ખૂબ જ ઓછું (આશરે 2.2 ટકા) હોય છે.
- બુદ્ધિલબ્ધિના આધારે બુદ્ધિની વિવિધ કક્ષાઓ દર્શાવવામાં આવે છે.
- જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિનું પ્રમાણ કેટલું છે તે જાણવા માટે મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિકસોટીની મદદથી અનેક અભ્યાસો કર્યા.

2. સ્ટર્નબર્ગના ત્રિપુટીના સિદ્ધાંતમાં બુદ્ધિનાં ત્રણ પાસાં દર્શાવી, કોઈ એક પાસાની સમજૂતી આપો ?

- રૉબર્ટ સ્ટર્નબર્ગે ઈ. સ. 1985માં બુદ્ધિ અંગેનો ‘ત્રિપુટીનો સિદ્ધાંત’ (Triarchle Theory) દર્શાવ્યો હતો.
- અર્નબર્ગના મતે બુદ્ધિ એ વાસ્તવિક વાતાવરણમાં વ્યક્તિના જીવનમાં કેન્દ્રસ્થાને રહેલી માનસિક પ્રવૃત્તિ છે.
- વ્યક્તિ જ્યારે આ માનસિક ક્ષમતાઓનો ઉપયોગ કરી બાહ્ય વાતાવરણના ધટકોને સ્વીકારવાનો, પસંદ કરવાનો અને તેને યોગ્ય આકાર આપવાનો પ્રયત્ન કરે છે. ત્યારે તે જિંદગીમાં સફળ થઈ શકે છે.
- ઈ. સ. 1990 બાદ સ્ટર્નબર્ગે પોતાના આ સિદ્ધાંતનું નામ સફળ બી બુદ્ધિ નો સિદ્ધાંત આપ્યું હતું . સ્ટર્નબર્ગનો ત્રિપુટીનો સિદ્ધાંત : સ્ટર્નબર્ગે બુદ્ધિ અંગેના ત્રિપુટીના સિદ્ધાંતમાં બુદ્ધિનાં નીચે મુજબના મુખ્ય ત્રણ પાસાંઓ દર્શાવ્યાં છે :

1. ઘટકીય બુદ્ધિ (componential Intelligence) : ઘટકીય બુદ્ધિમાં અમૂર્ત અને વિશ્લેષણાત્મક રીતે વિચારવાની શક્તિ હોય છે.

- આ પ્રકારની બુદ્ધિને વિશ્લેષણાત્મક બુદ્ધિ’ (Analytical Intelligence) પણ કહે છે.
- વિશ્લેષણ, આલોચના, સરખામણી કે તુલના, મૂલ્યાંકન, માપને તાર્કિકતા વગેરે ક્ષમતાઓનો સમાવેશ ઘટકીય બુદ્ધિમાં થાય છે.
- 2.અનુભવજન્ય બુદ્ધિ (Experiential Intelligence) : અનુભવજન્ય બુદ્ધિમાં નવીન વિચારો, નવીન સર્જન, આંતરસૂઝ, તથ્યોને સંગઠિત કરી નવીન ઉકેલ મેળવવાની ક્ષમતા હોય છે.

- આ પ્રકારની બુદ્ધિને 'સર્જનાત્મક બુદ્ધિ'(Creative Intelligence) પણ કહે છે.
- અનુભવજન્ય બુદ્ધિમાં કલ્પના, સર્જનાત્મકતા, નવીનતા વગેરે ક્ષમતા હોય છે.
- સર્જનાત્મક અને મૌલિક સંશોધન કરનાર વ્યક્તિઓમાં આ પ્રકારની બુદ્ધિ વધુ માત્રામાં હોય છે.

3.સંદર્ભગત બુદ્ધિ (Contextual Intelligence) : સંદર્ભગત બુદ્ધિમાં વ્યાવહારિક જીવનમાં સામાજિક, આર્થિક, આવેગિક, સાંસ્કૃતિક વગેરે વાતાવરણના સંદર્ભમાં બદલાતી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતા હોય છે.

- આ પ્રકારની બુદ્ધિમાં વ્યક્તિ પોતાની નબળાઈઓની ક્ષતિપૂર્તિ કરી વાતાવરણમાંથી અધિકતમ ફાયદો મેળવી શકે તે રીતે પરિસ્થિતિને પરિવર્તિત કરી શકે છે.
- આ પ્રકારની બુદ્ધિને વ્યાવહારિક બુદ્ધિ (Practical, Intelligence)પણ કહે છે.
- જે વ્યક્તિઓમાં સંદર્ભગત બુદ્ધિ અધિક હોય છે તેઓમાં વ્યાવહારિક જ્ઞાન વધુ હોય છે.

3. ગાર્ડનને દર્શાવેલ બુદ્ધિની લાક્ષણિકતાઓ જણાવી ભાષાકીય બુદ્ધિ અને અવકાશીય બુદ્ધિ અંગે સમજૂતી આપો ?

- હોવર્ડ ગાર્ડનરે બુદ્ધિ અંગેનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત ઈ. સ. 1983માં રજૂ કર્યો હતો.
- તેમના સિદ્ધાંત અનુસાર માનવીમાં વિવિધ પ્રકારની, એકબીજાથી જુદા સ્વરૂપની અને સ્વતંત્ર બુદ્ધિ હોય છે.
- બુદ્ધિના વિવિધ પ્રકારો પરસ્પર આંતરક્રિયા પણ કરે છે.
- આમ, માનવી પોતાનો ધ્યેય પૂર્ણ કરવા જુધ જુદા પ્રકારની બુદ્ધિનો ઉપયોગ કરે છે, અને ગાર્ડનરે આઠ પ્રકારની બુદ્ધિ સૂચવી છે. દરેક વ્યક્તિમાં આ પ્રાણી તમામ પ્રકારની બુદ્ધિ સરખા પ્રમાણમાં હોતી નથી. વ્યક્તિ પરિસ્થિતિ અને સંદર્ભના અનુસંધાનમાં બુદ્ધિનો ઉપયોગ કરે છે.
- 1. ભાષાકીય (Linguistle) બુદ્ધિ : ભાષાકીય બુદ્ધિ કથન, શ્રવણ, વાંચન, લેખન, ભાષાસમજ વગેરે કાર્યોમાં સક્રિય હોય છે, આ બુદ્ધિ લેખકો, સાહિત્યકારો, પત્રકારો, વર્તમાનપત્રો અને સામયિકોના તંત્રીઓ, વેચાણ કારો, ઉદઘોષકો વગેરેનાં કાયોંમાં પ્રગટ થાય છે.
- 2. તાર્કિક-ગાણિતિક (Logical-Mathematical) બુદ્ધિ : તાર્કિક-ગાણિતિક બુદ્ધિ તર્ક કરવામાં, સંકેતોના ઉપયોગમાં , ગણતરીના કાર્યોમાં સક્રિય હોય છે. આ બુદ્ધિ તર્કશાસ્ત્રીઓ, વકીલો, ન્યાયાધીશ ગુનાશોધકો, વૈજ્ઞાનિકો, આકડાશાસ્ત્રીઓ, હિસાબનીશો વગેરેનાં કાયમી પ્રગટ થાય છે.
- 3. અવકાશીય (Spatial) બુદ્ધિ : અવકાશીય બુદ્ધિ માનસિક પ્રતિમાઓ રચવામાં અને તેના ઉપયોગમાં, અવકાશનાં ત્રણ પરિણામોમાં હલન-ચલન કરતી વખતે સક્રિય હોય છે. આ બુદ્ધિ આગગાડી, મોટર, વહાણ, વિમાન વગેરે ચલાવનાર; ચિત્રકારો, શિલ્પીઓ, સ્થપતિઓ, ઈજનેરો, શસ્ત્રક્રિયા કરનારાઓ અને કેટલાક પ્રકારના કારીગરોનાં કાર્યોમાં પ્રગટ થાય છે.
- 4. દૈહિક-શરીરગતિલક્ષી (Bodily-Kinesthetic) બુદ્ધિ : દૈહિક-શરીરગતિલક્ષી બુદ્ધિ હાથ, પગ, ડોક, ધડ, આંગળીઓ વગેરેના એકસાથે સુમેળભર્યા હલન-ચલન કરવી અને તેની દક્ષતા કેળવવા સક્રિય હોય છે. આ બુદ્ધિ ખેલાડીઓ, રમતવીરો, હસ્તકલાના કારીગરો,શસ્ત્રક્રિયા કરનારાઓ, નૃત્યકારો અને અભિનય કરનારાઓના કાર્યોમાં પ્રગટ થાય છે.

- 5. આંતરવૈયક્તિક (Interpersonal) બુદ્ધિ : આંતરવૈયક્તિક બુદ્ધિ અન્ય વ્યક્તિઓનાં સ્વભાવ, ટેવો, ગમા-અણગમા, મનોવલણો, લાગણીઓ, આવેગો, પ્રેરકો અને વ્યક્તિત્વને સમજવામાં ઉપયોગી છે. આ બુદ્ધિ શિક્ષકો, વેચાણ કારો, રાજકારણીઓ, સામાજિક કાર્ય કરી , ધર્મગુરુઓનાં કાર્યોમાં પ્રગટ થાય છે.
- 6. સાંગીતિક (Musical) બુદ્ધિ : સાંગીતિક બુદ્ધિ અવાજની બુલંદી, સ્વરકક્ષા અને સ્વરોને ઓળખવામાં ઉપયોગી છે. આ બુદ્ધિ ગાયકો, વાદકો, સ્વરરચના કરનારાઓ, સંગીત નિર્દેશકો, સંગીતના રસિકોનાં કાર્યોમાં પ્રગટ થાય છે.
- 7. વ્યક્તિ અંતર્ગત (Intrapersonall) બુદ્ધિ વ્યક્તિ અંતર્ગત બુદ્ધિ 'સ્વ' વિશેની સમજ કેળવવા અને તાદાત્મની લાગણી અનુભવવા ઉપયોગી છે, તે આંતરસૂઝમાં અને સ્વઆવિષ્કારમાં ઉપયોગી છે.
- 8. નૈસર્ગિક (Naturalistic) બુદ્ધિઃ નૈસર્ગિક બુદ્ધિ જીવસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિના અભ્યાસ માટે ઉપયોગી છે. કુદરતના પદાર્થો, પ્રાણીઓ, વનસ્પતિઓ અને કુદરતી ઘટનાઓ વચ્ચેનો તફાવત પારખવામાં આ પ્રકારની બુદ્ધિનો ઉપયોગ થાય છે. આ બુદ્ધિ ખેડૂતો, પશુપાલકો, શિકારીઓ, વનપ્રવાસીઓ, વનઅધિકારીઓ, જીવવિજ્ઞાન અને વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થીઓનાં કાર્યોમાં પ્રગટ થાય છે.

### 4. સામાન્ય જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિના વર્ગીકરણ (વિતરણ) અને ટકાવારી દર્શાવતું કોષ્ટક જણાવો ?

- બુદ્ધિઆંકની બાબતમાં વ્યક્તિગત તફાવતો હોય છે.
- સામાન્ય રીતે સરેરાશ વસ્તીના 2 ટકા લોકોનો બુદ્ધિઆંક 130થી વધુ હોય છે અને સરેરાશ વસ્તીના 2 ટકા લોકોનો બુદ્ધિઆંક 70થી ઓછો હોય છે.
- સામાન્ય જનસમુદાયમાં વિવિધ બુદ્ધિકક્ષાના વર્ણનો અને તેની ટકાવારી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે : સ્થળ અને કાળના સંદર્ભમાં પ્રસ્તુત કોષ્ટકમાં દર્શાવેલ ટકાવારીમાં થોડા ઓછા-વત્તા અંશે પરિવર્તનની સંભાવના શક્ય છે. મનોદુર્બળતા એ બૌદ્ધિક મહત્તાનું સૂચન કરે છે.

### 5. માનસિક વય કઈ રીતે ગણવામાં આવે છે? સમજાવો ?

- વ્યક્તિ જે પર્યાવરણમાં રહે છે તેના સંબંધમાં તેના માનસિક વિકાસની કક્ષા એટલે તેની માનસિક વય.
- માનસિક વય એટલે વ્યક્તિનો માનસિક વિકાસ દર્શાવતી વય.
- જે બાળકની બુદ્ધિનું માપન કરવાનું હોય તે બાળકની હાલની શારીરિક ઉંમર કરતાં બે કે ત્રણ વર્ષ ઓછી ઉંમરનાં બાળકો માટેની કસૌટીથી શરૂઆત કરવામાં આવે છે.
- બાળકે આપેલા પ્રશ્નોના ઉત્તરોની સંખ્યાના આધારે તેની માનસિક વય નક્કી કરવામાં આવે છે.
- બુદ્ધિકસોટીના દરેક સાચા ઉત્તર માટે બે માસની માનસિક વય ગણવામાં આવે છે.
- દરેક વર્ષની બુદ્ધિ કસોટીમાં છ-છ પ્રશ્નો હોય છે.
- કસોટી દરમિયાન બાળક દ્વારા મોટામાં મોટી ઉંમરની બુદ્ધિકસોટીના બધા પ્રશ્નોના સાચા ઉત્તરો આપે, તો તે તેની માનસિક વય ગણવામાં આવે છે. જન્મતારીખ મુજબ ગણતાં થતી શારીરિક વય સાથે તેની માનસિક વય સરખાવવામાં આવે છે.

- તેજસ્વી બાળકની માનસિક વય તેની શારીરિક વય કરતાં વધારે હોય છે. જ્યારે નબળી બૌદ્ધિક ક્ષમતા ધરાવતા બાળકની માનસિક વય તેની શારીરિક વય કરતાં ઓછી હોય છે.

6. વેસલરની પુખ્તવયની વ્યક્તિઓ માટેની કસોટી વિશે સંક્ષિપ્ત માહિતી આપા ?

- વ્યક્તિગત બુદ્ધિમાપન કરવા સ્ટેનફર્ડ બીને બુદ્ધિકસોટી ઉપરાંત વેક્સલરની બુદ્ધિકસોટીઓનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે છે.
- આ કસોટીઓ ડેવિડ વેક્સલરે તૈયાર કરી હતી.
- આ કસોટીઓ બાળ કથી પુખ્તવયની વ્યક્તિની બુદ્ધિના માપન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- જુદાં જુદાં વયજૂથો માટે જુદી જુદી કસોટીઓ રચવામાં આવી છે.
- 1. WAIS કસોટી : WAIS કસોટી 16 વર્ષથી 64 વર્ષ સુધીની પુખ્તવયની વ્યક્તિઓની બુદ્ધિ માપવા માટેની છે.
- પુખ્તો માટેની આ બુદ્ધિ કસોટીમાં માહિતી, સમજ, ગણિત, આકડાનું પુનરાવર્તન, સામ્ય શોધવું અને શબ્દભંડોળ જેવા । વિભાગોના સંદર્ભમાં બુદ્ધિનું માપન કરવામાં આવે છે.
- વેક્સલરની પુખ્તો માટેની બુદ્ધિકસોટીમાં 11 ઉપકસોટીઓ છે, જેમાંથી 6 ઉપકસોટીઓ શાબ્દિક સ્વરૂપની અને 5 ઉપકસોટીઓ કાર્યાત્મિક સ્વરૂપની છે.
- કાર્યાત્મક સ્વરૂપની કસૌટીમાં ઘન ગોક્વવા, ચિત્રપૂર્તિ કરવી વગેરે પ્રવૃત્તિ છે.
- ઈ. સ. 1981માં પુખ્તો માટેની કસોટીનું સંસ્કરશે (સંશોધિત સ્વરૂપ) બહાર પાડવામાં આવ્યું હતું. જે ઉર્છેજી - ઈ નામથી ઓળખાય છે.
- 2. WAISC કસોટી : WAISC કસોટી 6થી 16 વર્ષની વ્યક્તિઓ માટે રચવામાં આવેલી બુદ્ધિકસોટી છે.
- 3. WPPSI કસોટી : WPPSI કસોટી 4થી 6.5 વર્ષનાં બાળકોની સમગ્ર બુદ્ધિ અને કાર્યોના ગુણાંકનું માપન કરે છે.
- આ કસોટી બાળકો માટે શાળા પૂર્વેની અને પ્રાથમિક શાળાનાં બાળકોની કક્ષા માટેની બુદ્ધિકસોટી છે.
- આમ, વેક્સલરનું બુદ્ધિકસોટીના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન છે.

7. વર્તમાન સમયમાં પ્રતિભાસંપન્ન વ્યક્તિને ઓળખવાની માહિતી મેળવવા કઈ પદ્ધતિઓ પ્રચલિત છે ?

- વર્તમાન સમયમાં પ્રતિભાસંપન્ન વ્યક્તિને ઓળખવા માટે સૌથી વધુ 'બુદ્ધિકસોટી' અને 'સિદ્ધિકસોટી' ઉપયોગમાં લેવામાં આવે છે.
- પ્રતિભાસંપન્ન બાળકોને ઓળખવા માટે ચોક્કસ બુદ્ધિઆંકનો આધાર લેવામાં આવે છે. જેમનો બુદ્ધિઆંક 130 અથવા 140 અથવા 1500થી વધારે હોય તે પ્રતિભાસંપન્ન છે એમ ગણવામાં આવે છે. આધુનિક સમયમાં પ્રતિભાસંપન્ન વ્યક્તિને ઓળખવા નીચેની પદ્ધતિઓ પ્રચલિત છે :
- સમૂહ બુદ્ધિકસોટીમાં વ્યક્તિએ મેળવેલો બુદ્ધિઆંક કે તેના શિક્ષકનો અભિપ્રાય વિદ્યાર્થીએ શાળાની વિવિધ સિદ્ધિ કસોટીઓમાં મેળવેલા પ્રાપ્તાંકો તથા શિક્ષ કે વિદ્યાર્થીને આપેલ કક્ષા (Grade) અને વિદ્યાર્થીના સર્વગ્રાહી પ્રગતિપત્રકની નોંધો 50(વ્યક્તિગત બુદ્ધિકસોટીમાં વિદ્યાર્થીએ મેળવેલ પ્રાપ્તાંક

સામાજિક અને આવેગિક પરિપક્વતાનું માપન તથા સમાયોજન 35) બાળકની પ્રેરણા અને મહત્ત્વાકાંક્ષાનું માપન પ્રત્યેક પ્રતિભાસંપન્ન વ્યક્તિમાં તફાવત જોવા મળે છે.

- કેમ કે,પ્રતિભાસંપન્નતા માપવાનાં પરિમાણો અલગ અલગ હોય છે.
- માધ્યમિક શાળા કક્ષાએ આ તફાવતો સ્પષ્ટ જોવા મળે છે.
- કેટલાંક સંપન્ન બાળકો અન્ય બાળકો કરતાં બહુ જ થોડા તેજસ્વી હોય છે, જ્યારે બીજાં કેટલાંક સંપન્ન બાળકો અસાધારણ અને વિરલ પ્રમાણમાં પ્રખર હોય છે.
- કેટલાંક બાળકોની ખાસ શક્તિ અમુક કાર્યોમાં જ જોવા મળે છે. અભ્યાસા શૈક્ષણિક છે. જ્યારે કેટલાંક બાળકો અનેક પ્રકારનાં કાર્યોમાં સંપન્ન જોવા મળે છે.

8. મનોદુર્બળતાના કોઈ બે પ્રકારો સમજાવો ?

- મનોદુર્બળતાને બૌદ્ધિક મંદતા' કે 'માનસિક પછાતપણું' કહે છે.
- મનોદુર્બળ બાળકોમાં બુદ્ધિ ઓછી હોવાથી પર્યાવરણમાં તેમને અનેક જાતના પડકારોનો સામનો કરવો પડે છે.
- અમેરિકન સાયકાઢી ઍસોસિયેશને (એ.પી.એ., 1968) આપેલ વ્યાખ્યા અનુસાર, "મંદબુદ્ધિ કે મનોદુર્બળતા એ સાધારણ બૌદ્ધિક કાર્યમાં અધૂરપ છે કે જે વિકાસાત્મક તબક્કામાં ઉદ્ભવે છે, જે અધ્યયન અને સામાજિક અનુકૂલન અને પરિપક્વતા અથવા બંનેમાં મંદિતા સાથે સંબંધિત છે."
- સામાન્ય રીતે 70થી ઓછો બુદ્ધિઆંક ધરાવનાર વ્યક્તિ બૌદ્ધિક રીતે મંદ ગણવામાં આવે છે. આવી વ્યક્તિ અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમ પ્રવૃત્તિ કરી શકતી નથી.
- અમેરિકન મંડળ' અને અમેરિકન સાયકોટ્રી ઍસોસિયેશને મનોદુર્બળતા અંગે નિદાનનાં ચોક્કસ ધોરણો અને પદ્ધતિઓ નક્કી ! કરેલ છે.
- મનોર્બળતાના ચાર (કક્ષાઓ) પ્રકારો નીચે મુજબ છે :
- 1. હળવી મનોદુર્બળતા : હળવી મનોદુર્બળ વ્યક્તિનો બુદ્ધિઆંક 50થી 69 સુધીનો હોય છે.
- 2. મધ્યમ મનોદુર્બળતા : મધ્યમ મનોબળ વ્યક્તિનો બદ્ધિઆંક 35થી 49 સુધીનો હોય છે.
- 3. તીવ્ર મનોદુર્બળતા તીવ્ર મનોદુર્બળ : વ્યક્તિનો બુદ્ધિઆંક 20થી 34 સુધીનો હોય છે.
- 4. અતિ તીવ્ર મનોદુર્બળતા : અતિ તીવ્ર મનોદુર્બળ વ્યક્તિનો બુદ્ધિઆંક 20થી ઓછો હોય છે.

9. હળવી કક્ષાનો બુદ્ધિઆંક ધરાવતી વ્યક્તિનો અભ્યાસ અને સામાજિક કૌશલ્યો કેવાં હોય છે?

- હળવી કક્ષાનો બુદ્ધિઆંક ધરાવતી વ્યક્તિનો બુદ્ધિઆંક 50થી 69 સુધીનો હોય છે, તેમનો અભ્યાસ અને સામાજિક કૌશલ્યો નીચે પ્રમાણે હોય છે :
- ક્ક્ષ્રી અભ્યાસ : હળવી કક્ષાનો બુદ્ધિઆંક ધરાવતી વ્યક્તિને જો ઉત્તમ શૈક્ષણિક પર્યાવરણ પ્રાપ્ત થાય, તો તેઓ ધોરણ 3થી 6 સધીના અભ્યાસ કરી શકે છે.
- ક્ક્ષ્રી સામાજિક કૌશલ્યો : હળવી કક્ષાનો બુદ્ધિઆંક ધરાવતી વ્યક્તિ ઝડપથી સમાયોજન સાધી શકે છે અને મિત્રતાના સંબંધો બાંધી શકે છે.

## 10. બાળકો માટેની સ્ટેનફર્ડ બીને બુદ્ધિકસોટીની સમજૂતી આપો ?

- સ્ટેનફર્ડ બીને (Stanford Banet) બુદ્ધિકસોટી બાળકોની બુદ્ધિનું માપન કરવા માટે વપરાય છે.
- બીને અને સાયમને ઈ. સ. 1905માં સૌપ્રથમ વ્યક્તિગત બુદ્ધિકસોટી ફ્રેંચ ભાષામાં તૈયાર કરી હતી.
- ઈ. સ. 1916માં અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક એલ. એમ. ટર્મને બીને સાયમન કસોટીમાં કેટલાક સુધારા-વધારા કરી, આ કસોટીને પદ્ધતિસર પ્રમાણીકરણ કરી, અંગ્રેજી ભાષામાં પ્રથમ બુદ્ધિકસોટી તૈયાર કરી.
- આ કસોટીનું 'સ્ટેનફર્ડ બીને બુદ્ધિતુલા'' (SBIS) નામ આપવામાં આવ્યું છે.
- ઈ. સ. 1916ની બુદ્ધિકસોટીનું ઈ. સ. 1937, 1960, 1972 અને 1986માં પુનઃ પ્રમાણીકરણ અને નવસંસ્કરણ કરવામાં આવ્યું હતું.
- અગાઉની બુદ્ધિકસોટીના સંસ્કરણમાં બુદ્ધિનો એક જ 'સામાન્ય આંક' ગણવામાં આવતો હતો.
- ઈ. સ. 1986ના સંસ્કરણમાં 'સામાન્ય આંક' ઉપરાંત શાબ્દિક તર્ક,' સંખ્યાત્મક તર્ક, અમૂર્ત દશ્ય તર્ક અને અલ્પકાલીન સ્મૃતિ જેવા વિશિષ્ટ આંક' પણ પ્રાપ્ત થાય છે.
- આ બુદ્ધિ કસોટી 18 વર્ષની વય સુધીની વ્યક્તિઓનું બુદ્ધિમાપન કરે છે.

## 11. રેવનની બુદ્ધિ કસોટીની સમજૂતી આપો ?

- જોન. સી. રેવનની બુદ્ધિકસોટી અશાબ્દિક કસોટી છે અને તે શૈક્ષણિક ક્ષેત્રે બુદ્ધિના માપન માટે વપરાય છે.
- રેવનની આ બુદ્ધિ કસોટી ભાષા અને સાંસ્કૃતિક અસરથી મુક્ત છે.
- આ બુદ્ધિકસોટી 'રેવન્સ પ્રોગ્રેસિવ મેટ્રિક્સ' (Raven's Progressive Matrices : RPM) નામથી પ્રખ્યાત છે.
- આ કસોટીની રચના રેવને ઈ. સ. 1936માં કરી હતી.
- આ કસોટી અમૂર્ત તર્કના માપન માટે ખૂબ ઉપયોગી છે.
- આ કસોટી 5 વર્ષથી ઉપરના બાળકથી શરૂ કરીને પુખ્તવયની વ્યક્તિની બુદ્ધિના માપન માટે વપરાય છે.
- આ કસોટીમાં સરળથી અઘરા (સરળથી જટિલ) ક્રમમાં 60 બહુવિકલ્પ પ્રશ્નો છે.
- કસોટી આપનાર વ્યક્તિને દરેક પ્રશ્નમાં તરેહને પૂર્ણ બનાવવા માટે ખૂટતી કડી શોધવાનું કહેવામાં આવે છે.
- વિવિધ શક્તિઓ ધરાવતી અલગ અલગ પ્રકારની વ્યક્તિઓ માટે ત્રણ અલગ અલગ પ્રકારની સંકલ્પના માળખાવાળી કસોટીઓ રચવામાં આવી છે.
- રેવનની બુદ્ધિકસોટીની નીચેની આકૃતિ પરથી કસોટીનો ખ્યાલ સમજાશે.

## 12. પ્રતિભાસંપન્નતાનું સ્વરૂપ સમજાવો ?

- જન્મથી જ ઉચ્ચ બુદ્ધિકક્ષા કે અપવાદરૂપ માનસિક શક્તિ ધરાવનાર વ્યક્તિને પ્રતિભાસંપન્ન (Gifted) કહેવામાં આવે છે.

- ➢ આવી પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો અભ્યાસ ઈ. સ. 1925માં લૂઈસ ટર્મને કર્યો હતો.
- ➢ તેમણે પ્રતિભાસંપન્ન બાળકો માટેની બુદ્ધિકસોટીઓની રચના કરી હતી. આ બુદ્ધિકસોટીની મદદથી વ્યક્તિની ઉચ્ચ બોધાત્મક શક્તિને માપવામાં આવી.
- ➢ આધુનિક સમયમાં પ્રતિભાસંપન્ન કસોટીઓ દ્વારા વ્યક્તિની બોધાત્મક શક્તિઓ ઉપરાંત નૈતિક, શારીરિક, આવેગિક, સામાજિક, સૌંદર્યલક્ષી વગેરે ઉચ્ચ વિશિષ્ટ શક્તિઓનું પણ માપન કરવામાં આવે છે. પ્રતિભાસંપન્નતાનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :
  - ✓ પ્રતિભાસંપન્ન બુદ્ધિકક્ષા ધરાવનાર વ્યક્તિઓ દરેક સમાજ, સંસ્કૃતિ અને તમામ આર્થિક વર્ગોમાં જોવા મળે છે.
  - ✓ આવી વ્યક્તિઓ પોતાની ઉંમરના અને સમાન સામાજિક-સાંસ્કૃતિક પામભૂમિકામાં રહેનાર વ્યક્તિઓની સરખામણીમાં ઊંચું કર્તુત્વ દવિ છે.
  - ✓ પ્રતિભાસંપન્નતા માત્ર બુદ્ધિના કાર્ય પૂરતી મર્યાદિત હોતી નથી. તેમનામાં સામાન્ય અને વિશિષ્ટ શક્તિઓ, સ્વખ્યાલ, પ્રેરણા વગેરેનો પણ સમાવેશ થાય છે. આથી આવી વ્યક્તિઓ વધુ શીખવા, ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવા અને સર્વોત્તમતા મેળવવા પ્રયત્ન કરે છે.
  - ✓ પ્રતિભાસંપન્ન બાળકો શાળાના અભ્યાસવિષયો, શાળાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત રમતગમત, નેતૃત્વ વગેરે અનેક ક્ષેત્રોમાં પણ પોતાની વિશેષતા દર્શાવે છે.
  - ✓ પ્રતિભાસંપન્ન વ્યક્તિમાં બોધાત્મક ઉપરાંત અનેક શક્તિઓનું સંયોજન અને સંગઠન થયું હોય છે.
  - ✓ આવી વ્યક્તિઓમાં પ્રેરણા અને વ્યક્તિત્વના ઘટકોની પણ અસર થાય છે.
  - ✓ આવી વ્યક્તિઓમાં સામાજિક, નૈતિક અને પ્રત્યાયનનાં